# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬ તા.૧૧-૪-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :-ધોરણ ૧ થી ૮ના પરિણામપત્રકો ચેક કરાવવા અને પરિણામ જાહેર કરવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે પોતાના બીટના સુપરવાઈઝરશ્રી પાસેથી સમય મેળવીને **તા.૨૫-૪-૧૬ અને તા.૨૬-૪-૧૬** દરમ્યાન પરિણામપત્રકો ચેક કરાવવાના રહેશે.ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓનું પરિણામ **તા.૨૮-૪-૧૬**ના રોજ જાહેર કરવાનું રહેશે અને તે દિવસે શાળા સમય દરમિયાન વર્ગશિક્ષકે જાતે હાજર રહીને વાલી વિદ્યાર્થીને પરિણામ આપવું. પરિણામના દિવસે કોઈ વિદ્યાર્થી પરિણામ લેવા ન આવે તો તે તમામ પરિણામ મુખ્ય શિક્ષકશ્રીએ પોતાની પાસે રાખવા અને ત્યારબાદ આવનાર વાલી-વિદ્યાર્થીને આપવા.

આઠમાં ધોરણમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના સ્કૂલ લીવિંગ સર્ટી.માં કોઈપણ ભૂલ રહી ન જાય તથા છેકછાક ન થાય તે રીતે તૈયાર કરવાની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીની છે. સ્કૂલ લીવિંગ સર્ટી.જે તે વિદ્યાર્થીના વાલીના જ હાથમાં આપવું.

સાતમા ધોરણમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ તે જ શાળામાં ચાલતા ધો.૮માં જવાના હોય તે સંજોગોમાં તેમના સ્કૂલ લીવિંગ સર્ટી. કાઢવાના કે આપવાના રહેતા નથી.

ઉનાળુ વેકેશન **તા.૨-૫-૧૬ થી ૫-૬-૧૬ સુધીનું રહેશે. તા.૬-૬-૧૬**ને સોમવારથી નવું સત્ર શરૂ થશે.

તા.૧૧-૪-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં. ૭ તા.૧૧-૪-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭મા વિવિધ વિષયોને અનુલક્ષીને મુખ્ય શિક્ષકશ્રીઓની મીટીંગ તા.૧૬-૪-૧૬ના રોજ સ્કાઉટભવન, પાલડી ખાતે મીટીંગ રાખવામાં આવેલ છે. તો મુખ્ય શિક્ષકશ્રીઓએ નીચેના સમયે સ્વયં સમયસર હાજર રહેવું.

વિષયો :-

૧. મ્યુનિ. શાળાઓમાં ૨૦૧૬-૧૭ અંતર્ગત તેમજ આગામી વર્ષોમાં RTE અને રાજય સરકારના નીતિ-નિયમો અંતર્ગત જો આ સુવિધા મળવાપાત્ર હોય તો વિગતવાર માર્ગદર્શન
૨. આગામી વર્ષમાં ધો.૧માં પ્રવેશ મેળવનાર બાળકોની સંખ્યા
૩ ૧ લી મે ઉજવણી કાર્યક્રમ
૪ આધારકાર્ડ માહિતી
૫ પાઠયપુસ્તકોની વહેંચણી
૬ અન્ય વહીવટી બાબતો.

મીટીંગ સમયઃ-

| | | |
|---|---|---|
| હિન્દી ઉર્દૂ ઝોન | : | ૧૧.૦૦ કલાકે. |
| ઉત્તર દક્ષિણ ઝોન | : | ૧૨.૩૦ કલાકે. |
| પૂર્વ પશ્ચિમ ઝોન | : | ૨.૦૦ કલાકે. |

તા.૧૧-૪-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી